# માસવાર અભ્યાસક્રમ : બાલવાટિકા ૧

સંચાલકશ્રી, આચાર્યશ્રી, શિક્ષકમિત્રો અને વાલીમિત્રો,

**જોગ નમ્ર નિવેદન ...**

શિક્ષણ એ જ્ઞાન, કૌશલ્ય, પ્રત્યાયન અને જીવનઘડતર માટેની પ્રક્રિયા છે. બાળકની શિક્ષણ મેળવવાની શરૂઆત પોતાના કુટુંબમાંથી થાય છે. સામાન્ય રીતે શ્રવણ થકી એટલે કે માત્ર સાંભળીને શિક્ષણ મેળવ્યું હોય તો, ભૂલી જવાનો ડર રહે છે. જોઈને શીખવાથી લાંબો સમય યાદ રહે છે, પરંતુ જો જાતે કરીને, સ્વ-અનુભવે શીખ્યાં હોય તો, એ કદાપિ ભૂલાતું નથી, આવું શિક્ષણ જીવનપર્યંત યાદ રહે છે.

બાલવાટિકા ૧થી ૩નાં તૈયાર કરેલાં નવીન પુસ્તકોની આ જ મુખ્ય વિશેષતા છે, મુખ્ય હાર્દ છે. આ અભ્યાસક્રમનું આયોજન બાળકોની વયકક્ષા અનુક્રમે ૩થી ૪ વર્ષ, ૪થી ૫ વર્ષ અને ૫થી ૬ વર્ષ મુજબ તથા તેમની રસ, રુચિ, વલણ અને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે. શિક્ષકના માર્ગદર્શન થકી બાળકો જાતે, સ્વ-અનુભવે શીખી શકે તેવી તક અહીં આપવામાં આવી છે.

પ્રારંભિક શિક્ષણના પ્રથમ ડગલા તરીકે બાલવાટિકા ૩ સુધીમાં બાળકો જાતે પ્રાયોગિક ક્રિયા કરી શીખવાનો પ્રારંભ કરે તે આશયથી નિર્માણ થયેલાં આ બાલવાટિકાનાં પુસ્તકોનો ઉપયોગ કરીએ તે પહેલાં અહીં આપેલ કેટલીક બાબતો આપણે સમજવી જરૂરી છે.

આજના આ સમયમાં, બાળકોને શાળામાં ખાસ કરીને બાલવાટિકામાં દાખલ કરતાંની સાથે જ વાલીઓની, શાળા અને શિક્ષકો પાસેથી અપેક્ષા ઘણી વધી જાય છે. સામાન્ય સમજ એવી પ્રવર્તે છે કે બાળક શાળાએ જતું થાય એટલે બીજા જ મહિનાથી એને લખતાં-વાંચતા આવડવું જ જોઈએ. પરંતુ હાલના સંજોગોમાં શિક્ષકો અને ખાસ કરીને વાલીઓએ એક વાત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ કે અગાઉ મોટે ભાગે બાળક પાંચ વર્ષ પૂરાં કરે પછી એને સીધો ધોરણ ૧માં પ્રવેશ મળતો. બાલવાટિકામાં બાળકને દાખલ કરવાની પ્રથા પહેલાં આટલી પ્રચલિત ન હતી.

જ્યારે હવે, બાલવાટિકાના કુલ ત્રણ વર્ષ અને અનુક્રમે ભાગ ૧થી ૩ રહેશે. તેથી જ કુમળી વયે બાલવાટિકામાં દાખલ થતા બાળકના સ્નાયુઓને કેળવવાની અને ત્યારબાદ જ અંકજ્ઞાન અને અક્ષરજ્ઞાનની સમજ આપવી જરૂરી છે. બાળકના સર્વાંગી વિકાસ માટે જરૂરી કેટલીક મહત્ત્વની બાબતોનો આ અભ્યાસક્રમમાં સમાવવાનો અમે સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે તથા અમને ખાતરી છે કે આ અભ્યાસક્રમમાં આપેલા ક્રમ મુજબ તબક્કાવાર શિક્ષણ જો બાળકને

આપવામાં આવશે તો બાળક ફક્ત હોશિયાર વિદ્યાર્થી જ નહીં પરંતુ ભવિષ્યમાં એક સમજદાર નાગરિક પણ બની રહેશે. ત્રણ વર્ષની ઉંમરે પોતાના ઘરનું પરિચિત અને હૂંફાળું વાતાવરણ છોડી પ્રથમ વાર બાળક બહારની દુનિયામાં અર્થાત્ બાલવાટિકામાં એકલું પગ માંડે છે. ત્યારે આપણી (બાલવાટિકાના શિક્ષિકા બહેનોની) ફરજ બને છે કે તેને હૂંફ અને પ્રેમ મળે તેવું વાતાવરણ પૂરું પાડીએ. અભ્યાસની પૂર્વતૈયારી રૂપે બાળકો પાસે એવી પ્રવૃત્તિઓ કરાવીએ કે, જેના દ્વારા તેનો શારીરિક અને માનસિક વિકાસ તો થાય જ, પરંતુ સાથે સાથે ગતિપ્રેરક સ્નાયુઓનો પણ વિકાસ થાય. બાળક શાળામાં દાખલ થાય ત્યારે પહેલા જ દિવસથી તેને સીધેસીધું અક્ષરજ્ઞાન કે અંકજ્ઞાન આપી, ભણાવી દેવાને બદલે તેને આનંદ મળે તેવી વિવિધ રમતો અને પ્રવૃત્તિઓ કરાવીએ, જેથી બીજા દિવસે બાળક પોતાની મેળે જ શાળામાં આવવા પ્રેરાય.

**ઉપર્યુક્ત તમામ બાબતો અને હેતુ પરિપૂર્ણ કરવાં બાળકોને નીચે મુજબની પ્રવૃત્તિઓમાં સાંકળી શકાય ...**

( ૧ ) બાળકોને શરૂઆતમાં પોતાના વર્ગખંડ, પરબ, પુસ્તકાલય, શૌચાલય, રમતનું મેદાન, પ્રાર્થનાખંડ, શાળાનું કાર્યાલય વગેરેથી માહિતગાર કરી શકાય અને જરૂરી સિમ્બોલ કે નિશાનીઓની સમજ આપી શકાય.

( ૨ ) પ્રવૃત્તિઓ જેવી કે, ચાલવું, દોડવું, કૂદવું, ફેંકવું, પકડવું, બેસવું, ઊભા થવું, ગબડાવવું, ખેંચવું, સમતોલન જાળવવું, ઊંચકવું, લપસવું, લટકવું વગેરે કરાવી શકાય.

( ૩ ) એ પછી માટીકામ, પરોવવું, ખાંડવું, ભરવું, ખોલવું, બંધ કરવું, ચાળવું, વીણવું, ગોઠવવું વગેરે પણ કરાવી શકાય.

- હવે સ્નાયુઓના વિકાસ અને બાળકોના બૌદ્ધિક વિકાસમાં નીચે દર્શાવેલ પ્રવૃત્તિઓ ઉપયોગી થશે. પુસ્તકનાં પાનાં ફેરવવાં, ભરત-ગૂંથણ, કાગળ વાળવા, કાગળ ફાડવા, ગોળી વાળવી, સાદી પૅટર્નનું લેખન, ચૉકકામ, ચીટકકામ, ચિત્રકામ વગેરે.
- ઉપર્યુક્ત તમામ પ્રવૃત્તિઓ કરાવ્યા બાદ બાળક જ્ઞાનલક્ષી વિકાસ માટે પૂરેપૂરું સક્ષમ બને છે. હવે બાળકની યાદશક્તિ અને અવલોકનશક્તિ વિકસે, બાળકમાં વર્ગીકરણ કરવાની કુશળતા કેળવાય, બાળકની વિચાર કરવાની શક્તિ વિકસે, બાળકમાં સમસ્યાઓનું નિરાકરણ કરવાની સમજ અને તર્કશક્તિનો વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓ કરાવવી જોઈએ. જે માટે ઓળખ, સમાનતા, વર્ગીકરણ, જુદું પાડવું, ક્રમમાં ગોઠવવું, શું ખૂટે છે? શું ખોટું છે? શું મોટું છે? શું નાનું છે? જેવી પ્રવૃત્તિઓ કરાવી

શકાય. ઉપરાંત બાળકોની દશ્યેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય, કર્ણેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને સ્વાદેન્દ્રિયની શક્તિઓ વિકસે તેવી પ્રવૃત્તિઓ પણ કરાવવી જોઈએ. આ બધી ઇન્દ્રિયોના વિકાસ માટે જુદી જુદી ઘણી પ્રવૃત્તિઓ માસવાર અભ્યાસક્રમ આયોજનમાં ક્રમશઃ દર્શાવી છે. પરંતુ ખાસ 'કર્ણેન્દ્રિય'ના વિકાસ માટે બાળકોને સંગીતમય જોડકણાં અને બાળગીતો સંભળાવવાં, ગવડાવવાં જરૂરી છે. અત્યાર સુધી પેઢી દર પેઢી કંઠસ્થ રીતે સચવાયેલાં આવાં જોડકણાં અને બાળગીતો બાળકોને મજા પડે તેવા સ્વર અને સંગીત સાથે સંભળાવવાં. સાથોસાથ તેની કર્ણેન્દ્રિયના વિકાસ ઉપરાંત ભાષાની સમજ, શુદ્ધ ઉચ્ચારો કરવાની ક્ષમતા, તર્કશક્તિ એમ ઘણાબધા પાસા વિકસે છે. બાળકોમાં પ્રત્યાયન, લાગણીનો વિકાસ, પર્યાવરણની સભાનતા, સામાજિક સમજ, સંખ્યાજ્ઞાન, કલા, સર્જનાત્મક શક્તિનો વિકાસ વગેરે ઘણી બધી બાબતો બાલવાટિકાનાં ચારેય પુસ્તકો ભાષા, ગણિત, આસપાસ (પર્યાવરણ) અને ચિત્રકલામાં વણી લીધી છે.

- **ભાષાશિક્ષણ** અંતર્ગત બાળકોને શ્રવણ, કથન, વાંચન, લેખન, વર્ણન અને સંવાદ જેવાં કૌશલ્યોના વિકાસ માટેની પૂરતી તક મળી રહે, તેવું આયોજન કર્યું છે. ભાષામાં પ્રત્યાયન અગત્યનું અંગ હોવાથી આ ઉંમરે બાળકોને વાર્તા, ગીત, જોડકણાં, સંગીત, ચર્ચા કે વાતચીત માટે પૂરતી તક મળી રહે તે ખાસ જોયું છે. પ્રવૃત્તિઓ અને રમતો સાથે શીખવવાથી વાંચન અને લેખન માટેની તત્પરતા વધે છે.
- **ગણિતશિક્ષણ** માટે વર્ગમાં અગાઉથી એકત્રિત કરેલ તમામ સામગ્રીને ગણતરી, સરખામણી કે જૂથનિર્માણ માટે સહાયક બનાવી શીખવા માટે ઉપયોગમાં લઈ શકાય. આકાર, સ્થાન, નાનું-મોટું જેવા ખ્યાલોને સમજવા માટે બાળકને સામગ્રી સાથે પૂરતો સમય આપવો જોઈએ.
- **પર્યાવરણશિક્ષણ** અંતર્ગત તેના ઘરથી લઈને શાળાના વર્ગ સુધીના દરેક સ્થળ, વ્યક્તિ અને સામગ્રીનું અવલોકન કરે તે ઇચ્છનીય છે. આ અવલોકન દ્વારા જ બાળક કોઈ પણ સમસ્યાનું સમાધાન કેવી રીતે કરી શકાય તેનો ઉકેલ શીખતું હોય છે. પર્યાવરણશિક્ષણમાં અવલોકન, સંવેદના, અનુભૂતિ અને વલણને પ્રાથમિકતા આપી તે મુજબ સમજ આપી છે.
- **ચિત્રકલા** બાળકની સર્જનાત્મક શક્તિને ખીલવે છે. રંગ બાળકને આકર્ષે છે. રંગો પૂરવાનો આનંદ તેમના ચહેરા ઉપર જોઈ શકાય છે. આ પુસ્તકમાં બાળકને જુદા જુદા આકારોની ઓળખ અને રંગોની સમજ આપી છે. અધ્યાપનમાં કલાને પણ અન્ય વિષયો જેટલું જ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

**ધ્યાનમાં રાખવાના મુદ્દા :**

- બાલવાટિકાની પ્રવૃત્તિઓમાં દેશસ્તરેથી નિર્માણ થયેલ અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાને લેવાય છે. બાળકો માટે પ્રવૃત્તિઓની કુતૂહલતા હશે, શિક્ષક તરીકે આપણે તે ધ્યાને લઈ, વિકસાત્મક રીતે શીખવવાનો પ્રયાસ કરવાનો છે.
- બાલવાટિકાના વર્ગમાં થતી પ્રવૃત્તિઓની રચના ભાષા, ગણિત અને આસપાસ(પર્યાવરણ)ના વિષયોને ધ્યાને લઈ થયેલ છે, તેથી જે-તે વિષયની પ્રવૃત્તિમાં બાળકને એનો આનંદ અને સમજ મળી રહે, તેવું આયોજન કરવું જોઈએ.
- બાળકોમાં મુખ્ય છ વિકાસ જેવા કે, શારીરિક, બૌદ્ધિક, સર્જનાત્મક, ભાષાકીય, સામાજિક અને ભાવનાત્મકને ધ્યાને લઈ બાલવાટિકાની દરેક પ્રવૃત્તિનું આયોજન થયેલ છે, આ બાબતને ધ્યાનમાં રાખી પરોક્ષ મૂલ્યાંકન કરતાં રહેશો.
- બાલવાટિકાના અભ્યાસક્રમ અંતર્ગત અમે આપેલ પ્રવૃત્તિઓ સિવાય અન્ય સ્ત્રોત, સંદર્ભ-સાહિત્ય પણ આપે જોતાં રહેવું જોઈએ અને સંકલન કરતાં રહેવું જોઈએ. આમાં ગીતો, જોડકણાં, વાર્તા, ચિત્રો, ઉખાણાં જેવી સરળ બાબતોને આવરી શકાય.
- ટૂંકમાં, બાલવાટિકાના આ અભ્યાસક્રમમાં રમકડાં, રમત, સંસ્કૃતિ, કલા, સ્થાનિક સામગ્રી અને પ્રત્યાયન આધારિત બાબતોને જોડવાનો પ્રયાસ કરેલ છે. બાળકની સ્થાનિક ભાષા, સામગ્રી અને અનુભવજગતને અનુબંધિત કરીને આ અભ્યાસક્રમ-પ્રણાલીનો વિકાસ કરાયો છે. ભાષા અને અંકના માધ્યમથી ભણવાનો પ્રારંભ કરતાં બાળકોને ચિત્રકામ, સંગીત, માટીકામ, કાગળકામ, સમસ્યા-સમાધાન પ્રવૃત્તિ, વર્ગખંડ અંદર-બહારની રમતો, પ્રોજેક્ટ, સર્જન, સુશોભન, શણગાર, ઉજવણી, મુલાકાત, યોગ, સ્વાસ્થ્ય, પર્યાવરણ પરિચય, સ્નાયુ આધારિત શિક્ષણ, જીવનકૌશલ્ય, જૂથજોડીમાં શીખવાનો અનુભવ, સંવાદ કરવાની તક, અભિવ્યક્તિ, વાલીઓ સમર્થિત ગૃહકાર્ય, મૂલ્ય શિક્ષણ સાથે ભવિષ્યમાં ઉમદા નાગરિક બનવાની તક પ્રાપ્ત થાય તેવું આયોજન વિચારેલ છે.
- અંતે, બાલવાટિકાનાં બાળકો માટે અક્ષરલેખન અને અંકલેખનની શરૂઆત, તેમને રસ પડે, મજા પડે તેવી રીતે કરવામાં આવે તો તે સહજ રીતે ભણવાની દિશામાં પ્રવૃત્ત થશે. એટલું જ નહિ, દરરોજ શાળાએ આવવાની જીદ પણ કરશે. એકવાર બાળક નિયમિત શાળામાં આવશે, દરેક પ્રવૃત્તિઓમાં રસ લેશે તો પરિણામ ખૂબ જ સરસ આવશે તેમાં કોઈ શંકા નથી.

# માસવાર અભ્યાસક્રમ (વાર્ષિક આયોજન)

# બાલવાટિકા ૧

**નોંધ :** પ્રથમ સત્રનું લેખિત મૂલ્યાંકન સપ્ટેમ્બર અથવા ઑક્ટોબર માસમાં અને દ્વિતીય સત્રનું લેખિત મૂલ્યાંકન માર્ચ અથવા એપ્રિલ માસમાં આવતું હોવાથી એ મુજબ અભ્યાસક્રમ પૂર્ણ કરવા વિનંતી.

* **પ્રથમ સત્ર :** જૂનથી ઑક્ટોબર સુધી
* **દ્વિતીય સત્ર :** નવેમ્બરથી એપ્રિલ સુધી

## ૧. ભાષા

### જૂન

**૧. ગાય એનું ગીત !**

- ગીત સાંભળો અને ગાઓ.
- હવે કહો. (મૌખિક પ્રશ્નોત્તરી)
- સાચું ચિત્ર શોધી ◯માં રંગ પૂરો.
- જોડકણું ગાઓ.
- અભિનય કરો.
- ગીતનાં પ્રાણીઓ ◯માં રંગ પૂરી શોધો.
- કવિતા સાંભળો અને ગાઓ.
- કવિતાનાં સાચાં ચિત્રોની બાજુના ◯માં રંગ પૂરો.
- પ્રવૃત્તિઓ
- ઘેર શીખીએ

**જુલાઈ**

**૨. વાતચીતની શરૂઆત**

- ચિત્ર જુઓ.
- હવે કહો. (મૌખિક પ્રશ્નોત્તરી)
- વાતચીત કરો.
- તમારા ઘરે કોણ કોણ છે? ◯માં રંગ પૂરો.
- વાતચીત કરતાં ચિત્રો નીચે ◯માં રંગ પૂરો.
- કવિતા સાંભળો અને બોલો.
- સાચા ચિત્રની બાજુના ◯માં રંગ પૂરો.
- શું વાતચીત થતી હશે? તે કહો.
- ☐માં રંગ પૂરી ગુસ્સે થયેલું, હસતું અને રડતું ઈમોજી શોધો.
- પ્રવૃત્તિઓ
- ઘેર શીખીએ

**ઑગસ્ટ**

**૩. કહો એમ કરું**

- જોડકણું સાંભળો અને ગાઓ.
- સાંભળો અને બોલો.
- સાચા ચિત્રની બાજુના ◯માં રંગ પૂરો.
- સાચું શું? ◯માં રંગ પૂરી બતાવો.
- ચિત્રવાર્તા (જુઓ અને સાંભળો.)
- સાચું ચિત્ર શોધી ◯માં રંગ પૂરો.
- પ્રવૃત્તિઓ
- ઘેર શીખીએ

**૪. વાર્તા રે વાર્તા**

- જોડકણું સાંભળો અને ગાઓ.
- હવે કહો. (મૌખિક પ્રશ્નોત્તરી)
- ચિત્રવાર્તા જુઓ અને સાંભળો. (કીડી અને કબૂતર)
- વાર્તા સાંભળો અને કહો. (ચતુર કાગડો)

- સાચા ચિત્રની બાજુના ◯માં રંગ પૂરો.
- પ્રવૃત્તિઓ
- ઘેર શીખીએ

**સપ્ટેમ્બર**

**૫. શબ્દ ખજાનો**

- ચિત્ર જુઓ.
- શબ્દો સાંભળો અને બોલો.
- ગીત સાંભળો અને ગાઓ.
- ગોળાકાર ચિત્રની બાજુના ◯માં રંગ પૂરો.
- કવિતા સાંભળો અને ગાઓ.
- મોટું શું છે? ◯માં રંગ પૂરી કહો.
- પ્રવૃત્તિઓ
- ઘેર શીખીએ

**ઑક્ટોબર**

- **પુનરાવર્તન**

**નવેમ્બર**

## ૬. અક્ષર ઓળખીએ

- ગીત સાંભળો અને ગાઓ.
- ચિત્રો જુઓ અને શબ્દો સાંભળો.
- અક્ષરનો અવાજ (ધ્વનિ) સાંભળો.
- સાંભળો અને બોલો : ન, મ, ગ, જ, વ, ર, સ, દ
- જુઓ અને સાંભળો.
- ન, મ, ગ, જ, વ, ર, સ, દને ◯માં રંગ પૂરી ઓળખો.
- પ્રવૃત્તિઓ
- ઘેર શીખીએ

**ડિસેમ્બર**

## ૭. વાચનની પા... પા... પગલી

- ચિત્ર જુઓ.
- હવે કહો. (મૌખિક પ્રશ્નોત્તરી)
- જુઓ અને વાંચવાનો અભિનય કરો.
- રંગીન લીટીથી જોડો.
- સૂચના મુજબ કરો.
- ચિત્રવાર્તા જુઓ અને સાંભળો. (ફૂલણજી કાગડો)
- સાચા ચિત્રની નીચેના ◯માં રંગ પૂરો.
- પ્રવૃત્તિઓ
- ઘેર શીખીએ

**જાન્યુઆરી**

## ૮. સાંભળવાની મજા

- ગીત સાંભળો અને ગાઓ.
- શબ્દો સાંભળો.
- સમાન મૂળાક્ષરોને રંગીન લીટીથી જોડો : ક, બ, અ, છ
- શબ્દો સાંભળો અને બોલો : ક, બ, અ, છ

- કવિતા સાંભળો અને ગાઓ.
- શબ્દો સાંભળો અને બોલો : પ, ડ, ત, ણ, લ, ટ, ચ, ખ
- અવાજ સાંભળી, સાચા ચિત્રની નીચેના ◯માં રંગ પૂરો.
- પ્રવૃત્તિઓ
- ઘેર શીખીએ

**ફેબ્રુઆરી**

**૯. મને ગમતું પુસ્તક**

- ચિત્ર જુઓ.
- હવે કહો. (મૌખિક પ્રશ્નોત્તરી)
- સાચું શું? ◯માં રંગ પૂરી કહો.
- ગીત ગાઓ.
- રંગ પૂરો.
- સાચા ચિત્રની બાજુના ◯માં રંગ પૂરો.
- શું જોઈએ? ◯માં રંગ પૂરી બતાવો.
- જુઓ અને સમજો. (વાચનકૉર્નરનો ઉપયોગ)
- ચિત્રવાર્તા જુઓ અને કહો. (સમજુ બકરીઓ)
- પ્રવૃત્તિઓ
- ઘેર શીખીએ

**માર્ચ**

**૧૦. લેખનની પા... પા... પગલી**

- ચિત્ર જુઓ.
- હવે કહો. (મૌખિક પ્રશ્નોત્તરી)
- ઓળખો અને જોડો.
- સાચા ચિત્રની બાજુના ◯માં રંગ પૂરો.
- રંગ ઓળખો.
- રંગ પૂરો.
- ટપકાં જોડી રંગ ઓળખો.
- રંગ પૂરો : ન, મ, ગ, જ, વ, ર, સ, દ

- ડાબેથી જમણી તરફ આડી લીટી (—) કરો.
- ઉપરથી નીચે તરફ ઊભી લીટી ( । ) કરો.
- પ્રવૃત્તિઓ
- ઘેર શીખીએ

**એપ્રિલ**

- **પુનરાવર્તન**

# ૨. ગણિત

## જૂન

### ૧. મારું પર્યાવરણ

- વસ્તુઓ ઓળખો અને તેનાં નામ કહો.
- વસ્તુઓ ઓળખો અને તેમાં રંગ પૂરો.
- ટપકાં જોડી ચિત્ર પૂર્ણ કરો અને તેમાં રંગ પૂરો.
- સમાન મોજાંની જોડી બનાવો અને તેમાં સમાન રંગ પૂરો.
- અલગ પડતી વસ્તુ ઉપર ✓ કરો.
- સમાન ચિત્ર શોધી તેમાં રંગ પૂરો.
- પ્રાણીઓને તેમનાં બચ્ચાં સાથે જોડો.
- આપેલી વસ્તુઓના બદલે કઈ વસ્તુનો ઉપયોગ કરીને રમી શકાય? જોડો.
- ક્રિયાઓ માટે ઉપયોગી વસ્તુઓને એકબીજા સાથે જોડો.
- વ્યવસાયકારોને તેમની ઉપયોગી વસ્તુ સાથે જોડો.
- પ્રવૃત્તિઓ
- ચાલો, ગૃહકાર્ય કરીએ

## જુલાઈ

### ૨. ખૂટતા ભાગ

- ચિત્રો ધ્યાનથી જુઓ, સરખામણી કરી ખૂટતા ભાગ દોરો અને તેમાં રંગ પૂરો.
- ચિત્રોમાં ખૂટતા ભાગ દોરો અને તેમાં રંગ પૂરો.
- ચિત્ર સરખાવી ખૂટતા ભાગ દોરો.
- તફાવત શોધી ચિત્ર પૂર્ણ કરો અને તેમાં રંગ પૂરો.
- પ્રવૃત્તિઓ
- ચાલો, ગૃહકાર્ય કરીએ

**૩. એક-એક સંગતતા**

- ઉદાહરણ મુજબ એક-એક જોડો.
- એક-એક જોડો અને બાકી વધતી વસ્તુઓ ઉપર ✗ કરો.
- પ્રવૃત્તિઓ
- ચાલો, ગૃહકાર્ય કરીએ

**ઑગસ્ટ**

**૪. કદ**

- નાનું-મોટું, ઊંચું-નીચું, લાંબું-ટૂંકુંની સમજ મેળવો.
- ચિત્રનું અવલોકન કરી 'મોટા' માટે ✓ તથા 'નાના' માટે ✗ કરો.
- ચિત્રનું અવલોકન કરી 'ઊંચા' માટે ✓ તથા 'નીચા' માટે ✗ કરો.
- ચિત્રનું અવલોકન કરી 'લાંબા' માટે ✓ તથા 'ટૂંકા' માટે ✗ કરો.
- પ્રવૃત્તિઓ
- ચાલો, ગૃહકાર્ય કરીએ

**સપ્ટેમ્બર**

**૫. સંખ્યાજ્ઞાન**

- ચિત્ર જુઓ અને ગણો.
- ૧થી ૩ બોલો અને લખો.
- સૂચના મુજબ કરો.
- રંગ પૂરો.
- ◯ કરો.
- દોરો.
- અંક શોધો અને તેની ફરતે ◯ કરો.
- ચિત્ર ગણો અને ☐માં અંક લખો.
- ગણો અને ◯માં અંક લખો.
- ગણો અને સાચા અંક સાથે જોડો.
- ગણો અને સાચા અંક ઉપર ✓ કરો.
- ચિત્રની સંખ્યા મુજબ ◯ કરો.

- અંક જેટલી લીટીઓ દોરો.
- અંક જેટલાં ચિત્રોમાં રંગ પૂરો.
- આંગળીની મદદથી ૧થી ૫ સમજો.
- અંક સાથે વસ્તુઓ જોડો.
- દર્શાવેલ અંક મુજબ પાંખડીમાં ◯ કરો.
- પ્રવૃત્તિઓ
- ચાલો, ગૃહકાર્ય કરીએ

**૬. પૅટર્ન**

- દીવાસળીઓની પૅટર્ન ધ્યાનથી જોઈ, ખાલી સ્થાનમાં પૅટર્ન મુજબ દીવાસળી દોરો.
- આકારોની પૅટર્ન જુઓ અને ખાલી સ્થાનમાં આકારો દોરો.
- ફુગ્ગાની પૅટર્ન ધ્યાનથી જુઓ અને ખાલી સ્થાનમાં પૅટર્ન મુજબ દોરો.
- પૅટર્ન મુજબ ખાલી સ્થાન પૂર્ણ કરો.
- પ્રવૃત્તિઓ
- ચાલો, ગૃહકાર્ય કરીએ

## ઑક્ટોબર

- **પુનરાવર્તન**

## નવેમ્બર

**સંખ્યાજ્ઞાન : પુનરાવર્તન**

- સમાન સંખ્યામાં રહેલાં ચિત્રો જોડો અને સમાન રંગ પૂરો.
- ગિફ્ટ ઓળખો અને જોડો.
- અંકમાં રંગ પૂરો અને અંક જેટલાં ચિત્રોવાળું જૂથ શોધી તેમાં પણ રંગ પૂરો.
- દર્શાવેલ અંક જેટલાં ચિત્રોમાં / ટોપીમાં / ચોરસ ખાનાંમાં રંગ પૂરો.

**૭. નાની – મોટી સંખ્યા અને વધારે – ઓછું**

- નાની – મોટી સંખ્યા સમજો અને ☐ માં જવાબ લખો.
- વધારે – ઓછી સંખ્યા સમજો અને 'વધારે' માટે ✓ તથા 'ઓછા' માટે ✗ કરો.

- ગણો અને ☐ માં અંક લખો તથા વધુ સંખ્યામાં રહેલા જૂથની ફરતે ◯ કરો.
- પ્રવૃત્તિઓ
- ચાલો, ગૃહકાર્ય કરીએ

**ડિસેમ્બર**

**૮. માપન (લંબાઈ – વજન – ગુંજાશ)**

- ચિત્ર જુઓ અને આપેલ ☐ માં 'લાંબા' માટે ✓ તથા 'ટૂંકા' માટે ✗ કરો.
- ચિત્ર જુઓ અને આપેલ ☐ માં ભારે માટે ↓ તથા હલકા માટે ↑ કરો.
- વધુ પ્રવાહી સમાવી શકે તેના માટે ✓ તથા ઓછું પ્રવાહી સમાવી શકે તેના માટે ✗ કરો.
- પ્રવૃત્તિઓ
- ચાલો, ગૃહકાર્ય કરીએ

**જાન્યુઆરી**

**૯. સરવાળો – બાદબાકી**

- સરવાળા – બાદબાકી સમજો.
- સરવાળા કરો અને તે મુજબ દોરો.
- સરવાળા કરો.
- બાદબાકી કરો.
- પ્રવૃત્તિઓ
- ચાલો, ગૃહકાર્ય કરીએ

**ફેબ્રુઆરી**

**૧૦. પર્યાવરણ જાગૃતિ**

- ચિત્રો ધ્યાનથી જોઈ, તેની સાથે સુસંગત હોય તે ચિત્રની ફરતે ◯ કરો.
- પર્યાવરણમાંથી સીધી પ્રાપ્ત થતી વસ્તુઓ હોય તો ✓ તથા સીધી પ્રાપ્ત ન થતી વસ્તુઓ હોય તો ✗ કરો.

- પર્યાવરણ માટે ફાયદાકારક હોય તો ✓ તથા જો નુકસાનકારક હોય તો ✗ કરો.
- પ્રવૃત્તિઓ
- ચાલો, ગૃહકાર્ય કરીએ

**૧૧. આકાર**

- ○, □, △ અને ▭ને સમજો.
- ઘૂંટો, આકાર બનાવો અને રંગ પૂરો.
- વસ્તુઓને તેમના મૂળભૂત આકાર સાથે જોડો.
- સરખા આકારવાળી વસ્તુઓ જોડો.
- પ્રવૃત્તિઓ
- ચાલો, ગૃહકાર્ય કરીએ

**માર્ચ**

**૧૨. કૅલેન્ડર**

- અઠવાડિયાના દિવસ (વાર) વિશે સમજ મેળવો.
- પ્રવૃત્તિઓ
- ચાલો, ગૃહકાર્ય કરીએ
- ચાલો, કંઈક નવું શીખીએ ...

**એપ્રિલ**

- **પુનરાવર્તન**

# ૩. આસપાસ

**જૂન**

## ૧. મારું શરીર

- અંગોને શરીર સાથે જોડો.
- કયા અંગથી ક્રિયા કરશો? તેની ફરતે ◯ કરો.
- કઈ ક્રિયાઓ તમે સરળતાથી કરી શકો છો? ☐ માં ✓ કરો.
- મારી પાંચ ઇન્દ્રિયો.
- નરી આંખે જોઈ શકાય તેવી વસ્તુઓને આંખ સાથે જોડો.
- અવાજ ઉત્પન્ન કરતી વસ્તુઓને કાન સાથે જોડો.
- સૂંઘી શકાય તેવી વસ્તુઓને નાક સાથે જોડો.
- સ્વાદ ધરાવતી વસ્તુઓને જીભ સાથે જોડો.
- સ્પર્શ કરી શકાય તેવી વસ્તુઓને હાથ સાથે જોડો.
- સૂચના મુજબની વસ્તુઓમાં રંગ પૂરો.
- પ્રવૃત્તિઓ
- ચાલો, ગૃહકાર્ય કરીએ

**જુલાઈ**

## ૨. મારું કુટુંબ

- કુટુંબના સભ્યોને નામ સાથે જોડો.
- તમે તમારા કુટુંબના સભ્યો સાથે શું શું કરો છો? ☐ માં ✓ કરો.
- તમારા કુટુંબના કયા સભ્યો ચિત્રમાં આપેલી ક્રિયાઓ કરે છે? તેની સાથે જોડો.
- પ્રવૃત્તિઓ
- ચાલો, ગૃહકાર્ય કરીએ

### ૩. મારો ખોરાક

- ખોરાકમાં ફળો, શાકભાજી, અનાજ, કઠોળ, દૂધ-દૂધની બનાવટો લેવા જોઈએ.
- બિન-શાકાહારી (માંસાહારી) ખોરાક.
- હળવાં પીણાં
- જંક ફૂડ બિન-આરોગ્યપ્રદ ખોરાક
- મીઠાઈ • ચિત્ર દોરો. • ચિત્ર ચોંટાડો. • જોડો.
- આરોગ્યપ્રદ ખોરાક માટે ✓ તથા બિન-આરોગ્યપ્રદ ખોરાક માટે ✗ કરો.
- પ્રવૃત્તિઓ
- ચાલો, ગૃહકાર્ય કરીએ

**ઑગસ્ટ**

### ૪. મારા શરીરની સંભાળ અને સ્વચ્છતા

- શરીરની સાર-સંભાળ
- અંગ અને તેને સાફ કરવા વપરાતા સાધનને જોડો.
- તંદુરસ્તી અને સ્વચ્છતા દર્શાવતા ચિત્ર નીચે ✓ કરો.
- યોગ્ય ટેવો માટે ✓ કરો તથા અયોગ્ય ટેવો માટે ✗ કરો.
- પ્રવૃત્તિઓ • ચાલો, ગૃહકાર્ય કરીએ

**સપ્ટેમ્બર**

### ૫. મારી રમતો

- ઘરની અંદર અને મેદાનમાં રમાતી રમતો
- તમે જે રમતો રમવાનું પસંદ કરો તેની નીચે ✓ કરો.
- તમે જે રમતો રમતા હોય તેની નીચે ✓ કરો.
- તમને જે રમકડાંથી રમવું પસંદ હોય તેની નીચે ✓ કરો.
- પ્રવૃત્તિ • ચાલો, ગૃહકાર્ય કરીએ

**ઑક્ટોબર**

- **પુનરાવર્તન**

નવેમ્બર

**૬. આપણી આસપાસની વનસ્પતિઓ અને પ્રાણીઓ**

- તમે જોયેલ વનસ્પતિ નીચે ✓ કરો.
- 'મોટા' વૃક્ષ નીચે ✓ તથા 'નાના' વૃક્ષ નીચે ✗ કરો.
- પાલતુ પ્રાણીઓ માટે ✓ તથા જંગલી પ્રાણીઓ માટે ✗ કરો.
- 'મોટા' પ્રાણી માટે ✓ તથા 'નાના' પ્રાણી માટે ✗ કરો.
- પ્રવૃત્તિઓ
- ચાલો, ગૃહકાર્ય કરીએ

ડિસેમ્બર

**૭. આપણી શાળા**

- તમારી શાળામાં નીચેનામાંથી શું શું છે? ☐ માં ✓ કરો.
- વર્ગખંડની વસ્તુઓની સુસંગત જોડી બનાવો.
- તમે વર્ગખંડમાં જે કરતા હોય તે માટે ✓ તથા ન કરતા હોય તે માટે ✗ કરો.
- સારા વર્તનને ☺ તથા ખરાબ વર્તનને ☹ સાથે જોડો.
- પ્રવૃત્તિઓ
- ચાલો, ગૃહકાર્ય કરીએ

જાન્યુઆરી

**૮. આપણી આસપાસનાં સ્થળો, વ્યવસાયકારો અને પરિવહનનાં વાહનો**

- બાગ-બગીચામાં જોવા મળતી વસ્તુઓ નીચે ✓ કરો.
- મંદિરમાં જોવા મળતી વસ્તુઓ નીચે ✓ કરો.
- તમે જે વ્યવસાયકારોને ઓળખતા હોય તેની નીચે ✓ કરો.
- તમારી આસપાસ જે વ્યવસાયકારો રહેતા હોય તેની નીચે ✓ કરો.
- ડૉક્ટર અને તેમની વસ્તુઓને જોડો.
- વ્યવસાયકારોને તેમનાં સુસંગત સાધનો સાથે જોડો.
- પરિવહનનાં વાહનો

- વાહનોના પ્રકાર
- વાહનોને તેના પરિવહનના માધ્યમ સાથે જોડો.
- અલગ પડતા વાહન ફરતે ◯ કરો.
- પ્રવૃત્તિઓ
- ચાલો, ગૃહકાર્ય કરીએ

**ફેબ્રુઆરી**

**૯. પાણી – આપણી પ્રાથમિક જરૂરિયાત**

- પાણીનો ઉપયોગ
- તમે પાણીનો ઉપયોગ જે રીતે કરતા હોય તેની નીચે ✓ કરો.
- પ્રવૃત્તિ
- ચાલો, ગૃહકાર્ય કરીએ

**માર્ચ**

**૧૦. આપણી સલામતી અને સુરક્ષા**

- નુકસાનકારક બની શકે તે વસ્તુ પર ✗ કરો.
- જે વસ્તુઓથી રમવું સુરક્ષિત નથી તેની ઉપર ✗ કરો.
- પ્રવૃત્તિ
- ચાલો, ગૃહકાર્ય કરીએ

**એપ્રિલ**

- **પુનરાવર્તન**

# ૪. ચિત્રકલા

**જૂન**

- ચિત્રકામ માટેનાં સાધનોની ઓળખ.
- ભૌમિતિક આકારોની રચના અને ઓળખ.
- રંગોની ઓળખ.
- ચોરસ, ત્રિકોણ અને લંબચોરસ આકારોને ઓળખી તેમાં રંગ પૂરો.
- વર્તુળ, લંબગોળ અને અર્ધવર્તુળ આકારો ઓળખી તેમાં રંગ પૂરો.

(નવનીત આનંદવાટિકા ચિત્રકલા : પાન નં. ૨થી ૬)

**જુલાઈ**

- તૂટક રેખાઓને પૂર્ણ કરી ઊભી રેખાઓ દોરો.
- તૂટક રેખાઓને પૂર્ણ કરી આડી રેખાઓ દોરો.
- તૂટક રેખાઓને પૂર્ણ કરી ત્રાંસી રેખાઓ દોરો.

(નવનીત આનંદવાટિકા ચિત્રકલા : પાન નં. ૭થી ૯)

**ઑગસ્ટ**

- લંબચોરસમાં આપેલાં ટપકાંઓ જોડી આડી તેમજ ઊભી રેખાઓ દોરો.
- ચોરસમાં આપેલાં ટપકાંઓ ઉપર નાની આડી તેમજ ઊભી રેખાઓ દોરો.
- ભીંડાની પ્રિન્ટ પાડો.

(નવનીત આનંદવાટિકા ચિત્રકલા : પાન નં. ૧૦થી ૧૨)

**સપ્ટેમ્બર**

- મીણબત્તી અને પેન્સિલનાં ચિત્રોમાં રંગ પૂરો.
- આઈસ કૅન્ડી અને આઈસક્રીમ કૉનનાં ચિત્રોમાં રંગ પૂરો.
- ઘર અને મંદિરના ચિત્રમાં રંગ પૂરો.

(નવનીત આનંદવાટિકા ચિત્રકલા : પાન નં. ૧૩થી ૧૬)

**ઑક્ટોબર**

- **પુનરાવર્તન**

### નવેમ્બર

- પતંગ અને સફરજનનાં ચિત્રોમાં રંગ પૂરો.
- સૂરજ અને દડાનાં ચિત્રોમાં રંગ પૂરો.

(નવનીત આનંદવાટિકા ચિત્રકલા : પાન નં. ૧૭થી ૨૦)

### ડિસેમ્બર

- વૃક્ષોનાં ચિત્રોમાં રંગ પૂરો.
- હોડી અને દીવાનાં ચિત્રોમાં રંગ પૂરો.

(નવનીત આનંદવાટિકા ચિત્રકલા : પાન નં. ૨૧થી ૨૩)

### જાન્યુઆરી

- સૂર્યની આકૃતિ બનાવી રંગ પૂરો. (ચીટકામ)
- છત્રી અને કેળાના ચિત્રમાં રંગ પૂરો.

(નવનીત આનંદવાટિકા ચિત્રકલા : પાન નં. ૨૪થી ૨૬)

### ફેબ્રુઆરી

- કેરી, ફુગ્ગા અને ફરકડીનાં ચિત્રોમાં રંગ પૂરો.

(નવનીત આનંદવાટિકા ચિત્રકલા : પાન નં. ૨૭થી ૨૯)

### માર્ચ

- ચોરસ અને ત્રિકોણમાં રંગ પૂરો.
- માટીકામ (સીતાફળ અને અન્ય વિવિધ આકારો બનાવવા)

(નવનીત આનંદવાટિકા ચિત્રકલા : પાન નં. ૩૦થી ૩૨)

### એપ્રિલ

- **પુનરાવર્તન**